અમૃત મહોત્સવ

અમૃત મહોત્સવ કોણે-કોનો-કયારે-કેવી રીતે-કયા કારણે ઊજવી શકાય? આવા પ્રશ્નો ઊઠે તે સ્વાભાવિક છે અને અતિ ઉપયોગી પણ છે.

મનુષ્ય જ્યારે પોતાનું સમગ્ર જીવન, પરકલ્યાણ અર્થે, સહર્ષ અને વિનમ્રપણે સમર્પી દે છે ત્યારે, તે સમર્પણમાંથી જે અમરઆભા પ્રસ્ફુટિત થાય છે તે તેને અમર બનાવી દે છે. અગરબત્તી સ્વયં સળગીને બીજાને સુગંધ આપે છે; મીણબત્તી જાતે જલીને અન્યોને પ્રકાશ આપે છે. તેમ સંતો સ્વસુખના ભોગે, પરસુખને કાજે સર્વસ્વ સમર્પે છે. ખરેખર તો સમર્પણ જ સંત બનાવે છે, સમર્પણ જ 'અમૃત મહોત્સવ' ઊજવાવે છે.

શરીરમાત્ર પંચમહાભૂતનાં બનેલાં છે. પછી ભલે તે પશુપક્ષીનાં, કે સંત-યોગીનાં, કે રામકૃષ્ણાદિ અવતારોનાં હોય. પંચભૂત્માક શરીરનો ધર્મ છે- બચપન, જુવાની, બુઢાપો, રોગ અને મૃત્યુ. આ રહસ્ય સૌ સમજદાર સમજે છે.

જો ઉપર મુજબનો જ શરીર-ધર્મ છે તો શરીરનું અમરપણું કયાં રહ્યું? પણ આ જગ્યાએ શરીરનું અમરપણું સમજવાનું નથી પણ મનુષ્ય સ્વસુખના બલિદાન દ્વારા તથા સ્વશરીર થકી સર્વકલ્યાણકારી કાર્યો કરીને જે સુગંધ-સુવાસ દિગ્દિગંતોમાં ફેલાવે છે તે અમર છે. એ સોડમના પવિત્ર સંસ્કાર વિશ્વાકાશમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપે અમર રહે છે, અને આવનારી અનંત પેઢીઓને - અનંત જીવોને સંસ્કારિત-સુવાસિત-પવિત્ર કર્યા કરે છે. જે સ્થાનમાં આવા સંસ્કાર-ધણી, સંસ્કાર-ધની મહામાનવો વસતા હોય છે તે સ્થાનમાં - તે સ્થાનના આકાશમાં અમરસંસ્કારનું - અમરઓજનું પ્રાબલ્ય હોય છે. એવાં સ્થાનોના સંપર્કમાં આવનારા તમામ જીવોનું ઊર્ધ્વીકરણ અનાયાસે જ થયા કરે છે. પ્રતિકૂળ મોજાંઓના સતત પ્રચંડ મારા દ્વારા જ્યાં સુધી અમરઓજને ખળભળાવી નાખવામાં ન આવે ત્યાં સુધી તે નિર્બાધપણે પોતાનો પ્રભાવ પાથર્યા કરે છે. અમરઓજનો પ્રભાવ કેટલો છે તેનો આધાર જે તે સ્થાનમાં વસતા સંતના ત્યાગ-તપ-સંયમની માત્રા પર છે. આધ્યાત્મિક-યૌગિક થોડી પણ સમજણ જેમને પ્રાપ્ત છે તેમની સૌની પવિત્ર ફરજ ગણાય કે તેવાં સ્થાનોની, તેવાં વાતાવરણોની તથા તેવાં શરીરોની યથાશકિત રક્ષા કરવામાં અહોભાવ અનુભવે અને આવાં અલૌકિક, દિવ્ય અને સર્વકલ્યાણકારી યૌગિક રહસ્યોની માહિતી અન્યોને પણ આપવાનો પ્રયત્ન કરે.

સંતોના શરીરો ભલે યથાકાળે છૂટી જશે પણ તેમના પ્રચંડ પ્રયત્નો દ્વારા, તેમના ભકતો-શિષ્યોમાં પાંગરેલી પવિત્રતા-સાત્વિકતા-આધ્યાત્મિકતા-પ્રાજ્ઞતા અમર રહેશે.

શિષ્ય કોણ? શિષ્ય તે કે જેણે ગુરુજીની શેષ (બચેલી) સંપત્તિ (મૈત્રી-કરુણા આદિ) ને પ્રાપ્ત કરી લીધી હોય, ગુરુ-સંતોની સ્થૂળ અન-ઉપસ્થિતિમાં પણ જેનામાં તેઓનું સૂક્ષ્મ સત્વ શેષ રહી ગયું - બચી રહ્યું હોય તે તેમનો શિષ્ય. 'શેષ મેળવે તે શિષ્ય'. શિષ્યની આ વ્યાખ્યા અભૂતપૂર્વ છે.

સંત કોણ? સંત તે કે જેના રાગ-દ્વેષનો અંત સારી રીતે - સંપૂર્ણપણે આવી ગયો હોય.

ગુરુ કોણ? "ગુરુ તે જે "લઘુ નથી" - જે લઘુને ગુરુ બનાવી દે છે. ગુરુત્વાકર્ષણના નિયમ મુજબ દરેક વસ્તુ પૃથ્વી તરફ જ ખેંચાય છે, તેમ ગુરુની આકર્ષણ-શકિત લઘુને (શિષ્યને) સતત પોતા તરફ આકર્ષ્યા કરે છે. ગુરુશકિત લઘુને ત્યાં સુધી આકર્ષતી રહે છે કે જ્યાં સુધી લઘુ, ગુરુ સાથે મળીને તાદાત્મય પ્રાપ્ત કરી ન લે - અદ્વૈત સાધી ન લે - ગુરુ બની ન જાય. લોહચુંબક કેવળ લોઢાને જ આકર્ષે છે; સોના-રૂપાને, કે તાંબા-પિત્તળને નહિ. તેમ ગુરુ કેવળ લઘુને જ, અધિકારીને જ આકર્ષે છે, અન્યોને નહિ. દુનિયાની કોઈ તાકાત "લઘુ" ને "ગુરુ" બનતા રોકી શકશે નહિ.

લઘુ તે છે - અધિકારી તે છે - બુધ્ધિશાળી તે છે કે જે ગુરુસંતોના ચરણોમાં બુધ્ધિપૂર્વક, નિર્બુધ્ધિ થઈને બેસી શકે છે. "લઘુ" "ગુરુ" ના પ્રકરણમાં આટલો ખુલાસો બસ છે.

સામાન્ય જનસમાજની સુખશાંતિની વ્યાખ્યા સાવ અસ્થિર અને ક્ષણિક હોય છે. તેઓ તો વિવેકાંધતામાં સતત રાચ્યા કરે છે અને અદીર્ઘદષ્ટિપણામાં ભયંકર રીતે નાચ્યા કરે છે. સામાન્ય મનુષ્ય અજ્ઞાન અને આવેશથી એટલો બધો ઘેરાઈ ગયો છે કે પોતાના હિતેચ્છુઓને જ તે ગાળો દે છે! બાળકની રક્ષાની જવાબદારી જેમ તેના વડીલોની છે તેમ આવા "જડભરતો"નું કલ્યાણ થાય તેવા પ્રયત્નો કરવાની જવાબદારી સંતો પોતાની સમજે છે. સંતો બરાબર સમજે છે કે "સામાન્ય જનને સુખી કરવાની ગરજ પોતાને છે." સંતો સમજે છે કે "આપણે જેમને સુખી કરીશું તેમણે આપણને થેંક્યુ કહેવાની જરૂર નથી પણ તેમને સુખી કરવાની આપણી ઇચ્છા તેમણે પૂરી કરી તેથી આપણે તેમનો આભાર માનવો જોઈએ."

અન્યોનું કલ્યાણ કરવું એ જ જેમના આનંદનો વિષય છે, એ જ જેમનું જીવન-કાર્ય છે તેવાઓનો અમૃતમહોત્સવ ઉજવાતો હોય છે, અરે! આવું અદ્ભુત બલિદાન આપનાર શરીર પોતે જ સ્વયં સાકાર અમૃતમહોત્સવ છે, આપણે સૌ તો સૂર્યની સામે દીવો ધરીને મન મનાવી લેનારા માત્ર છીએ.

જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ;
જ્યાં ન પહોંચે કવિ, ત્યાં પહોંચે અનુભવી;
જ્યાં ન પહોંચે અનુભવી, ત્યાં પહોંચે 'અમૃતમહોત્સવી'.

ધર્મરાજા યુધિષ્ઠિર, દુર્યોધનને નર્કકુંડમાંથી બહાર કાઢવા ગયા ત્યારે દુર્યોધન યુધિષ્ઠિરને જોઈને ઊંડા નરકમાં ઊતરી ગયો હતો!

પડેલાને પોતાને ખબર નથી કે પોતે પડેલો છે અથવા તેને ખબર છે તો પણ તે એ સ્થિતિમાં ઘણા લાંબા સમયથી રહેવાને કારણે એ સ્થિતિનો વ્યસની થઈ ગયો છે. એટલે, અને અહંકારી સ્વભાવના કારણે તેમાંથી નીકળવા માંગતો નથી. આવાને પણ બહાર કાઢવાનો જે દૃઢ નિર્ધાર કરવો અને તેના માટે વર્ણાનાતીત ભોગ આપવાની જે તૈયારી રાખવી તે જ અમૃતમહોત્સવની સ્વયંભૂ-સ્વયંસ્ફૂરિત-સ્વયંપ્રેરિત ઉજવણી છે.

હર્ષ અને શોકને, હાનિ-લાભને, જીવનનો ક્રમ જે જાણે;
ગુરુ-કૃપા તેણે જ મેળવી, બીજા ગોથાં ખાવે !

ગુરુ-સંત-કૃપા દ્વારા ભૌતિક પદાર્થોની પ્રાપ્તિ એ તો અતિ તુચ્છ પ્રાપ્તિ છે, લૌકિક પ્રાપ્તિ છે. જેમણે ગુરુ-કૃપા નથી મેળવી તેઓ પણ એવું બધું તો મેળવી લેતા હોય છે. ખરેખર તો ગુરુકૃપા ત્યારે જ મેળવી કહેવાય કે જ્યારે જીવનમાં આવતા હાનિ-લાભથી અને તેથી ઊપજતા હર્ષ-શોકથી પર થઈ જવાય. ખાવું-પીવું, ન્હાવું-ધોવું એ જેમ દિવસનો ક્રમ છે; બચપન, જુવાની, બુઢાપો, રોગ, અને મૃત્યુ એ જેમ જીવનનો ક્રમ છે તેમ હર્ષ-શોક, હાનિ-લાભ એ પણ જીવનનો ક્રમમાત્ર છે. એવી કઈ વસ્તુ છે કે જેના જવાથી નુકસાન થાય છે અને જેના મળવાથી લાભ થાય છે? ખરેખર તો એવું કાંઈ જ નથી. જે કાંઈ છે તે તો માત્ર અણુ-પરમાણુઓનું સર્જન-વિસર્જન-પરિવર્તન જ છે. કાલે જે ખેતર બીજાનું હતું તે આજે મારું થયું. 'મારું થયું' એટલે ખેતરમાં અને મારામાં શું ફર્ક પડયો? એ ખેતર તો - એ જમીન તો અનંત પેઢીઓથી જ્યાં હતી ત્યાં જ પડી છે! 'મારુ થયું' એટલે એ ખેતર એક ઈંચ પણ નજીક નથી આવ્યું. માત્ર એક ભ્રમણાના કારણે તે 'મારુ થયું'. બીજી બધી બાબતોમાં પણ આ જ પ્રમાણે ભ્રમણાનું ચક્કર ભ્રમાવી રહ્યું છે! ગુરુજનો પાસેથી આવાં રહસ્યો પ્રાપ્ત કરીને જ્યાં સુધી ભ્રમાણાઓમાંથી મુકત ન થઈ જઈએ ત્યાં સુધી "ગુરુકૃપા" મેળવી ન ગણાય પણ "લઘુકૃપા" (હલકી કૃપા) મેળવી ગણાય. ગુરુજનો "ગુરુકૃપા"નું દાન કરે છે ત્યારે પણ અમૃતમહોત્સવ પ્રગટે છે અને લઘુજનો (શિષ્યો) "ગુરુકૃપા" મેળવે છે ત્યારે પણ અમૃતમહોત્સવની હેલી ચડે છે.

ગ્રહ-નક્ષત્ર-દેવ-દેવી-યક્ષ-કિન્નર, ઈશ્વર ઇશારે નાચે;
ઈશ્વરને છોડી, "યોગભિક્ષુ" તું, શા માટે પાખંડ યાચે?

એક ઈશ્વર સિવાય બીજા કોઈની પણ આશા કરવી તે પાખંડ પાસે યાચના કરવા બરાબર છે. આવી શ્રધ્ધા ન હોવી તે અપરિપકવ સમજણની નિશાની છે. ઇશ્વર પ્રણિધાનથી સમાધિ સુધીની પ્રાપ્તિની વાત પતંજલીએ કહી છે.

હેય, હેયહેતુ, હાન અને હાનોપાય. આ ચાર અમર સૂત્રોની તાત્વિકતાને સમજવી તે અમૃતમહોત્સવના મંદિરને ચાર આધારસ્તંભ મૂકવા બરાબર છે. અખિલ વિશ્વ માટે, વિકટ રહસ્યના સમાધાનના તાણા-વાણા આ સૂત્રોમાં વણાયેલા છે.

હેય એટલે ત્યાગવાને યોગ્ય = દુ:ખો; હેયહેતુ એટલે દુ:ખોનું કારણ; હાન એટલે દુ:ખમુકિત અને હાનોપાય એટલે દુ:ખમુકિતનો ઉપાય.

॥ વિવેકખ્યાતિરવિપ્લવા હાનોપાયઃ ॥ વિવેકજ્ઞાનરૂપી જે સાચી સમજણ પ્રાપ્ત થઈ છે તે સદા અવિપ્લવા = વિપ્લવરહિત = બળવારહિત રહો, તેમાં કદી શંકા ન હો, જે તત્વજ્ઞાન પ્રાપ્ત થયું છે તે પ્રમાણે ભલે અત્યારે આચરણ ન કરી શકીએ પણ "તે તત્વજ્ઞાન શંકાવાળું છે" એવી દલીલ કરીને પોતાની કમજોરી કદી ન છુપાવીએ, એ રીતે આત્મવંચના કદી ન કરીએ. જો હૃદયમાં સત્યની, સત્ય તરીકેની પ્રતિષ્ઠા થઈ હશે તો વહેલા કે મોડા તે પ્રમાણે આચરણ જરૂર કરી શકીશું. દુ:ખમુકિતનો - મોક્ષનો - કૈવલ્યનો સાચો ઉપાય છે અવિપ્લવા - વિવેકજ્ઞાન. અવિપ્લવાજ્ઞાન દ્વારા જન્મ-મરણનાં ચક્રમાંથી છૂટી જવાય છે. જન્મ-મરણનાં ચક્રમાંથી છૂટી જનાર અમર બની જાય છે. અમર નો અમૃતમહોત્સવ ભાવવિભોર થઈને ઉજવીએ.

અમૃત મહોત્સવની ઉજવણીનું નિજાનંદામૃત, ઊભરાઈ ઊભરાઈને, અક્ષરો, શબ્દો અને વાકયોરૂપે અહીં રેલાઈ રહ્યું છે - રેલાઈ ગયું છે. સૌ કોઈ તેનો આસ્વાદ માણો - જાણો - પામો.

વંદન - અભિનંદન હો, અમૃત મહોત્સવ જેમનો ઉજવાઈ ગયો છે - ઉજવાઈ રહ્યો છે - ઉજવાશે તેમને સૌને અસ્તુ.